- તેનું પગાર ધોરણ સાતમા પગાર પંચ મુજબ રૂ.૬૭૭૦૦–૨,૦૮૭૦૦/– પે મેટ્રીક્ષ લેવલ–૧૧ છે.

મુખ્ય પેજ

- ઉક્ત જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવામાં આવે છે. આ અંગે કોઈ રેશિયો નિયત થયેલ નથી. સીધી ભરતીની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણા પત્રક મોકલી સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરવામાં આવે છે. અને બઢતીથી ભરવાની થતી જગ્યાઓ સામાન્ય વહિવટ વિભાગ અને ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ભરવામાં આવે છે.
- અદ્યતન ભરતી નિયમો પ્રસિદ્ધ થયેથી તમામ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવાની તથા માંગણાપત્રક મોકલવાની કાર્યવાહી કરવામાં આવશે.
- મેડીકલ ઓફિસર આયુર્વેદ વર્ગ–૨ ની કુલ –૬૮૮ જગ્યાઓ મંજુર થયેલી છે જેમાંથી ૫૪૪ ભરેલી છે. અને ૧૪૪ ખાલી છે. જેમાંથી ૨૨૦ અધિકારીઓ ૮ વર્ષ ઉપરાંતનો સેવા અનુભવ ધરાવે છે. જેમને વર્ગ–૧ માં બઢતી આપી શકાય.
- **રાજ્યમાં આયુષ તંત્ર :–**
- રાજ્યમાં ૩૩ જીલ્લામાંથી ૯ જીલ્લા (અરવલ્લી, ભરૂચ, બોટાદ, છોટા ઉદેપુર, દેવભુમિ દ્વારકા, ગીર–સોમનાથ, મહીસાગર, સુરત અને તાપી) માં આયુર્વેદિક હોસ્પિટલ નથી. બાકીના ૨૪ જીલ્લામાં કુલ–૩૯ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ કાર્યરત છે.
- આ ઉપરાંત રાજ્યમાં ૬૮૮ આયુર્વેદિક દવાખાના તથા ૨૭૩ હોસ્મિયોપેથિક દવાખાના છે. જે બંને પૈકી ૩૬૫ ને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં રૂપાંતરીત કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૮

**પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૭૬**

**તા. ૧૬/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા, સોમનાથ**

**પ્રશ્ન:– રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧ નું મંજૂર મહેકમ**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧ ની મંજુર જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કાયમી છે? કેટલી જગ્યાઓ હંગામી છે? | શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર |
| ૨ | રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧ ની ભરતી માટે કોઇ નિયમોછે કે કેમ ? જો હા, તો ભરતી નિયમો અદ્યતન કરવા માટેની કોઇ કાર્યવાહી ચાલી રહી છે કે કેમ ? | શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અસારવા |
| ૩ | આયુર્વેદ અધિકારી વર્ગ–૧ ની નિમણુંક ક્યાં કરવામાં આવતી હોય છે ? ભરતી પ્રક્રિયા શુ છે ? તથા તેને શુ કામગીરી કરવાની હોય છે ? | શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૮**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૭૬**

**આરોગ્ય વિભાગ**

**તા. ૧૬/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર)

- **રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧ ની મંજુર જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કાયમી છે? કેટલી જગ્યાઓ હંગામી છે?**

**જવાબ–**

- રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧ ની કુલ મંજુર ૩૦ જગ્યાઓ પૈકી ૧૭ જગ્યાઓ કાયમી છે.
- ૧૩ જગ્યાઓ હંગામી છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અસારવા)

- **રાજ્યમાં આયુર્વેદ અધિકારી વર્ગ–૧ ની ભરતી માટે કોઇ નિયમો છે કે કેમ ? જો હા, તો ભરતી નિયમો અદ્યતન કરવા માટેની કોઇ કાર્યવાહી ચાલી રહી છે કે કેમ ?**

**જવાબ :**

- હા, આયુર્વેદ અધિકારી વર્ગ–૧ માટે ભરતી નિયમો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ જીપી–૧૫–૯૦–આરઆરએસ–૧૦૮૧–(૯૦)–છ, તા. ૨૩/૫/૧૯૯૦ થી ભરતી નિયમો પ્રસિદ્ધ થયેલ છે.
- ભરતી નિયમો અદ્યતન કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૩ (શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા)

- **આયુર્વેદ અધિકારી વર્ગ–૧ ની નિમણુંક ક્યાં કરવામાં આવતી હોય છે ? ભરતી પ્રક્રિયા શુ છે ? તથા તેને શુ કામગીરી કરવાની હોય છે ?**

**જવાબ :–**

- આયુર્વેદ અધિકારી વર્ગ–૧ની નિમણૂક જિલ્લા પંચાયત કચેરી ખાતે કરવામાં આવતી હોય છે. અને તે જીલ્લા આયુર્વેદ અધિકારી તરીકે ઓળખાય છે.
- ઉક્ત જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવામાં આવે છે. આ અંગે કોઇ રેશિયો નિયત થયેલ નથી. સીધી ભરતીની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણા પત્રક મોકલી સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરવામાં આવે છે. અને બઢતીથી ભરવાની થતી જગ્યાઓ સામાન્ય વહિવટ વિભાગ અને ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં ભરવામાં આવે છે.
- અદ્યતન ભરતી નિયમો પ્રસિદ્ધ થયેથી તમામ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવાની તથા માંગણાપત્રક મોકલવાની કાર્યવાહી કરવામાં આવશે.

- **જિલ્લા આયુર્વેદ અધિકારીએ કરવાની થતી કામગીરી જોઇએ તો :–**
  - જીલ્લામાં આવેલ સરકારી આયુર્વેદ/હોમીયોપેથી દવાખાનાઓનું સઘન નિયંત્રણ અને દેખરેખની કામગીરી કરવી.
  - જીલ્લામાં આવેલ સરકારી આયુર્વેદ/હોમીયોપેથી દવાખાનાઓની વહીવટીય તેમજ નાણાંકીય કામગીરીઓ, જવાબદારીઓ અને ફરજો નિભાવવી.
  - જીલ્લામાં આવેલ સરકારી આયુર્વેદ/હોમીયોપેથી દવાખાનાઓના વાર્ષિક અંદાજપત્રો, પુરક અંદાજપત્રો તૈયાર કરવા, તે અન્વયે

મુખ્ય પેજ

ફાળવવામાં આવતી ગ્રાન્ટનો સમયસર વપરાશ અને તે અંગેના માસિક, ત્રિમાસિક, છ માસિક, આઠ માસિક અને વાર્ષિક ખર્ચ પત્રકો તૈયાર કરીને વડી કચેરીને મોકલવા.

- જીલ્લામાં આવેલ સરકારી આયુર્વેદ/હોમીયોપેથી દવાખાનાઓમાં સારવાર અર્થે આવતા દર્દીઓને ઓ.પી.ડી.માં વિભાગોમાં મેડીકલ ઓફીસર દ્વારા જરૂરી રોગોનું નિદાન કરી સારવાર મળી રહે તે અંગેની કામગીરીનું સુપરવિઝન કરવું.
- જીલ્લામાં આવેલ સરકારી આયુર્વેદ/હોમીયોપેથી દવાખાનાઓમાં દવાઓ તથા અન્ય જરૂરી સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવી અને તેના ઉપયોગ અંગેના રજીસ્ટરો/રેકર્ડની નિભાવણી કરાવવા અંગેની કામગીરી.
- ભારતીય તબીબી ચિકિત્સા પધ્ધતિને લગતા વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોને લગતી તમામ કામગીરીઓનું જીલ્લા કક્ષાએ અમલીકરણ કરવું અને કરાવવું.
- ભારતીય ચિકિત્સા પધ્ધતિથી લોકોને માહિતગાર કરવા અને પ્રચાર – પ્રસાર અંગે અસરકારક તથા ગુણવત્તા યુકત ફરજો બજાવવી.
- આરોગ્ય વિષયક તમામ નેશનલ પ્રોગ્રામોનો અમલ કરવો જેવા કે કુટુંબ નિયોજન, પલ્સ પોલીયો, મેલેરીયા, ક્ષય નિવારણ, રસીકરણ વિગેરેનો અમલ કરવો અને કરાવવો.

સરકારશ્રી/નિયામકશ્રી દ્વારા સોંપવામાં આવે તેવી આરોગ્ય વિષયક અને અન્ય તમામ ટેકનીકલ તથા વહીવટી કામગીરીઓ કરવી.

મુખ્ય પેજ

# પ્રશ્ન –૧૧

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૧૮૩૯**
**તા. ૧૬/૦૨/૨૦૨૪**

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**માન. ધારાસભ્યશ્રી :**
ગેનીબેન નગાજી ઠાકોર

**પ્રશ્ન :–** એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવા બાબત.

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવા બાબત**

* 15/4/1839 **ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજામાં સત્રમાં તા.૨૦-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજુ થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૪૦૮ (અગ્રતા-૨૬)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ગ્રામ્ય વિસ્તારોમાં ડોક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે સરકારી મેડિકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોક્ટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજિયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય વિચારણા કરવાની હતી, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બાબતે વિચારણા થયેલ છે કે કેમ, અને | (૧) | ના, જી<br><br>એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ ડીગ્રી સર્ટીફિકેટ આપવાની કાર્યવાહી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની રહે છે. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ વિચારણાને અંતે શું નિર્ણય લેવાયેલ છે? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

અગાઉ  શ્રી નાથાભાઇ પટેલ (ધાનેરા) દ્ધારા નીચે મુજબનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | સરકારી મેડીકલ કોલેજોમાંથી એમબીબીએસ પાસ થઇને ઇન્ટર્નશીપ પૂર્ણ કરેલ બોન્ડેડ ઉમેદવારો ગ્રામ્ય વિસ્તારમાં સેવા બજાવવા માટે આપવામાં આવેલ નિમણૂંક પૈકી મોટાભાગના ઉમેદવારો હાજર થતા નથી તે ફરીયાદથી સરકાર તા. ૩૧.૧૨.૨૦૧૮ ની સ્થિતીએ વાકેફ છે, અને | હા, જી |
| ૨ | જો હા, તો ગ્રામ્ય વિસ્તારમાં ડોકટરોની ઘટ નિવારી શકાય તે માટે એમબીબીએસ પાસ થઇને ઇન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોકટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફીકેટ આપીને ત્રણ વર્ષ ફરજીયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવાનું કોઇ આયોજન છે કે કેમ ? | કાયદાકીય જોગવાઇઓની ચકાસણી કરીને યોગ્ય તે વિચારણા કરવામાં આવશે. |

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્ધારા ડિગ્રી સર્ટિફિકેટ આપવામાં આવતા નહોતા તે અનુસંધાને વિદ્યાર્થીઓ દ્ધારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવેલ હતી જેમાં તા. ૧૯/૦૬/૨૦૨૩ના આખરી ચુકાદામાં નામદાર હાઇકોર્ટ દ્ધારા વિદ્યાર્થીઓને તેઓના ડિગ્રી સર્ટિફિકેટ અને અન્ય ઓરિજનલ ડોક્યુમેન્ટ્સ આપી દેવા માટેનો ચુકાદો આપવામાં આવેલ.
- રાજ્યમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતીએ મંજુર, ભરેલી, ખાલી જગ્યાઓની વિગતો.

| મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|
| **૪૮૭૨** | **૩૯૮૦** | **૮૯૨** |

મુખ્ય પેજ

- ધ ગુજરાત મેડીકલ કાઉન્સિલ એકટ–૧૯૬૭ માં હાલમા કોઇ વ્યકિતનુ રજીસ્ટ્રેશન ન કરવા માટે પ્રાવધાન નથી.
- ગુજરાત મેડીકલ પ્રેકટીશનર્સ એકટ–૧૯૬૩ ની જોગવાઇ મુજબ કાઉન્સિલ સાથે રજીસ્ટ્રેશન વગર કોઇ મેડીકલ પ્રોફેશનલ મેડીકલ પ્રેકટીસ કરી શકતા નથી.

**હાલમાં બોન્ડની જોગવાઇ**

| | | |
|---|---|---|
| ઠરાવ તા.૧૪.૮.૨૦૧૯ | સ્નાતક (એમ.બી.બી.એસ.) | રૂ. ૨૦.૦૦ લાખનો બોન્ડ |
| ઠરાવ તા. ૩૦.૧.૨૦૨૦ | અનુસ્નાતક ( પી.જી.) | રૂ. ૪૦.૦૦ લાખનો બોન્ડ |
| ઠરાવ તા. ૦૧.૦૬.૨૦૨૨ | સુપર સ્પેશ્યાલીટી | રૂ. ૫૦.૦૦ લાખનો બોન્ડ |

- બોન્ડ વસુલાત અન્વયે આજ દિન સુધી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

| રીકવરી કેસની સંખ્યા | વસુલ કરેલ બોન્ડની રકમ | રીકવરી બાકી કેસો | વસુલવાની બાકી રકમ |
|---|---|---|---|
| **૬૦૮૨** | **૬૪૭.૬૫ કરોડ** | **૧૪,૦૦૯** | **૨૭૦.૧૬ કરોડ** |

-
- રાજ્યમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં વર્ષ ૧૯૭૨ થી બોન્ડ નીતિ અમલમાં છે. જેમાં સમયાંતરે બોન્ડની રકમ અને સેવાના સમયગાળામાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે.
- સરકારી મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી સરકારશ્રીના તા.૨૮/૦૬/૨૦૧૩ના ઠરાવથી **ત્રણ વર્ષની ગ્રામ્ય સેવા**

બજાવવા સબબ રૂ.૫,૦૦,૦૦૦/–નુ બોન્ડ લેવામાં આવતુ હતુ. જેમાં ફેરફાર કરતા તા.૧૪/૦૮/૨૦૧૯ના ઠરાવથી ૦૧ વર્ષની ગ્રામ્ય સેવા બજાવવા સબબ રૂ. ૨૦.૦૦ લાખનુ બોન્ડ કરવામાં આવેલ છે. તથા રાજયની જી.એમ.ઈ.આર.એસ. સંચાલીત મેડીકલ કોલેજ તથા સ્વ-નિર્ભર મેડીકલ કોલેજોમાં અભ્યાસ કરતા અને સરકારશ્રીની વિવિધ યોજનાઓ(મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના/મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના / ફ્રી શીપ કાર્ડ)નો લાભ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી પણ ૦૧ વર્ષની ગ્રામ્ય સેવા બજાવવા સબબ રૂ.૨૦.૦૦ લાખનુ બોન્ડ લેવાનુ ઠરાવેલ છે.

- આ વિદ્યાર્થીઓને એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ડીગ્રી સર્ટીફીકેટ આપવાની કાર્યવાહી વિદ્યાર્થીની કોલેજ સંબંધિત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :૧૧

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૩૯

## તા. ૧૬/૦૨/૨૦૨૪

## આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :ગેનીબેન નગાજી ઠાકોર (વાવ)**

**પ્રશ્ન:– એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફીકેટ આપવા બાબત.**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાજયમાં હાલ કુલ કેટલી મેડીકલ કોલેજો કાર્યરત છે અને કુલ કેટલી બેઠકો છે ? તેમાં કેટલી સરકારી અને કેટલી સ્વનિર્ભર કોલેજો છે ? તેમાં કુલ કેટલી બેઠકો છે? | શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ |
| ૨ | રાજયમાં મેડીકલની બેઠકોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલો વધારો થયો છે? તેમાં કેટલી સરકારી અને કેટલી સ્વનિર્ભર બેઠકોમાં વધારો થયો છે? | શ્રી અલ્પેશભાઇ ઠાકોર, ગાંધીનગર દક્ષિણ |
| ૩ | રાજયમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશની પ્રક્રિયા શું છે ? પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ માટે બોન્ડ ની શી જોગવાઈ છે ? એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓને ડીગ્રી સર્ટીફીકેટ કોના દ્વારા આપવામાં આવે છે ? ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોકટરોને રજીસ્ટ્રેશન કરવાની શું જોગવાઈ છે ? | શ્રી વી.ડી ઝાલા, હિંમતનગર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧૧**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૩૯**

**આરોગ્ય વિભાગ**

**તા.૧૬/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ)

- **રાજયમાં હાલ કુલ કેટલી મેડીકલ કોલેજો કાર્યરત છે અને કુલ કેટલી બેઠકો છે? તેમાં કેટલી સરકારી અને કેટલી સ્વનિર્ભર કોલેજો છે? તેમાં કુલ કેટલી બેઠકો છે?**

**જવાબ–**

- રાજયમાં હાલ કુલ–૩૯ મેડીકલ કોલેજો અને એક એઈમ્સ મેડીકલ કોલેજ કાર્યરત છે. જેમાં કુલ–૭૦૫૦ બેઠકો છે. તેમાં ૬–સરકારી, ૧૩– જીએમઈઆરએસ સંચાલિત, ૩– મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત, ૧૬– સ્વનિર્ભર મેડીકલ કોલેજો, ૧–ડીમ્ડ યુનિર્વસીટી સંચાલિત અને ૧–એઈમ્સ રાજકોટ મેડીકલ કોલેજો કાર્યરત છે. તેમાં સરકારી મેડીકલ કોલેજોમાં ૧૪૦૦ બેઠકો, જીએમઈઆરએસ મેડીકલ કોલેજોમાં ૨૧૦૦, મ્યુનિસિપલ કોર્પોરેશન મેડીકલ કોલેજોમાં ૭૦૦, સ્વ–નિર્ભર કોલેજોમાં ૨૬૫૦, ડીમ્ડ યુનિર્વસીટી કોલેજમાં ૧૫૦ બેઠકો અને એઈમ્સ રાજકોટમાં ૫૦ બેઠકો છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન : ૨ (શ્રી અલ્પેશભાઇ ઠાકોર, ગાંધીનગર દક્ષિણ)

➢ **રાજયમાં મેડીકલની બેઠકોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલો વધારો થયો છે? તેમાં કેટલી સરકારી અને કેટલી સ્વનિર્ભર બેઠકોમાં વધારો થયો છે?**

**જવાબ :**

➢ રાજયમાં મેડીકલની બેઠકોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર થયેલ વધારો નીચે મુજબ છે.

| **કોલેજનો પ્રકાર** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|
| | **૨૦૨૨-૨૩** | **૨૦૨૩-૨૪** | |
| સરકારી | ૦૦ | ૦૦ | ૦૦ |
| જીએમઈઆરએસ | ૫૦૦ | ૦૦ | ૫૦૦ |
| સ્વ-નિર્ભર | ૧૫૦ | ૭૦૦ | ૮૫૦ |
| એઈમ્સ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૬૫૦** | **૭૦૦** | **૧૩૫૦** |

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન : ૩ (શ્રી વી.ડી ઝાલા, હિંમતનગર)

- **રાજયમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશની પ્રક્રિયા શું છે ? પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ માટે બોન્ડ ની શી જોગવાઈ છે ? એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓને ડીગ્રી સર્ટીફીકેટ કોના દ્વારા આપવામાં આવે છે ? ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોકટરોને રજીસ્ટ્રેશન કરવાની શું જોગવાઈ છે ?**

**જવાબ :**

- રાજયમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજયુએટ કોર્ષીસ, ગાંધીનગર દ્વારા નીટ આધારીત મેરીટ બનાવી ઓન લાઈન પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- પ્રવર્તમાન નિતી મુજબ રાજયમાં સરકારી મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી ૧ વર્ષની ગ્રામ્ય સેવાની સામે રૂા.૨૦.૦૦ લાખનો બોન્ડ લેવામાં આવે છે. તથા જીએમઈઆરએસ સંચાલિત મેડીકલ કોલેજો અને સ્વ–નિર્ભર મેડીકલ કોલેજોમાં સરકારની વિવિધ યોજનાઓ જેવી કે એમ.વાય.એસ.વાય, કન્યા કેળવણી નિધિ, ફ્રી–શિપ કાર્ડનો લાભ લઈ પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને પણ બોન્ડનિતી લાગુ પડે છે.
- રાજયમાં એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ તેમને ડીગ્રી સર્ટીફીકેટ આપવાની કાર્યવાહી જે તે યુનિર્વસીટી દ્વારા કરવામાં આવે છે.

રાજયમાં એમ.બી.બી.એસ. પાસ કરેલ ઈન્ટર્નશીપ કરતા ડોકટરોને ગુજરાત મેડીકલ કાઉન્સીલ દ્વારા પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ

મુખ્ય પેજ

આપવામાં આવે છે. ઈન્ટર્નશીપ પૂર્ણ થયા બાદ યુનિર્વસીટીની પ્રોવિઝનલ ડીગ્રીના આધારે ફાઈનલ રજીસ્ટ્રેશન કરવામાં આવે છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન –૧૬

## પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૧૮૩૭
## તા. ૧૬/૦૨/૨૦૨૪

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**માન. ધારાસભ્યશ્રી :**

શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર(જામજોધપુર)

**પ્રશ્ન :–** જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેંદ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેંદ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

* **15/4/1837 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર**(જામજોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, કેટલી જગ્યાઓ ખાલી છે , અને | (૧) |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) |

(૧)

| જિલ્લાનું નામ | પ્રા.આ.કે.નું મંજૂર મહેકમ | સા.આ.કે.નું મંજૂર મહેકમ |
|---|---|---|
| જામનગર | પત્રક–૧ | પત્રક–૨ |
| દેવભૂમિ દ્વારકા | પત્રક–૩ | પત્રક–૪ |

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી રાજયમાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો વિગેરે ખાતેની ખાલી જગ્યા ભરી શકાશે.

મુખ્ય પેજ

# પુરક નોંધ

| જામનગર જીલ્લો | |
|---|---|
| તાલુકા | ૬ |
| ધ્રોળ | સી.એચ.સી. –૧ |
| જામ–જોધપુર | સી.એચ.સી. –૧ |
| જામનગર | જીલ્લા મથકે જી.જી. હોસ્પિટલ<br>સી.એચ.સી–૩<br>(ધુતારપુર, જાંબુડા, સિક્કા) |
| જોડીયા | સી.એચ.સી. –૧ |
| કાલાવાડ | સી.એચ.સી. –૧ |
| લાલપુર | સી.એચ.સી–૨ (ડબાસંગ, લાલપુર) |
| **કુલ :– ૬** | |

**નોંધ :– <u>ધ્રોળ સી.એચ.સી.ને પેટા જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની અનુમતિ મળેલ છે અને જામ જોધપુર માટે વિચારણા હેઠળ છે.</u>**

મુખ્ય પેજ

| દેવભુમિ દ્વારકા જીલ્લો | |
|---|---|
| તાલુકા | ૪ |
| ભાણવડ | સી.એચ.સી. –૧ |
| કલ્યાણપુર | સી.એચ.સી. –૨<br>(કલ્યાણપુર, રાવલ–જામરાવલ) |
| ખંભાળીયા | જનરલ હોસ્પિટલ<br>સી.એચ.સી–૧ (સલાયા) |
| ઓખામંડળ | સરકારી હોસ્પિટલ–દ્વારકા |
| **કુલ :– ૪** | |

➢ **ધ્રોળ ખાતે SDH મુજબનું મહેકમ મંજુર થયેલ નથી.** હાલ CHC ચાલુ છે.

➢ **ધ્રોળ સી.એચ.સી. નું મહેકમ :–**

| | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| અધિક્ષક–૧ | ૧ | ૦ | ૧ |
| તજજ્ઞ વર્ગ–૧ | ૭ | ૧(ગાયનેક) | ૬ |
| એમ.ઓ. વર્ગ–૨ | ૩ | ૧ | ૨ |

મુખ્ય પેજ

# જામનગર અને દેવભુમિ દ્વારકા જીલ્લામાં મહેકમની પરિસ્થિતી

| જી.જી.હો, જામનગર મહેકમ સમરી | | | |
| --- | --- | --- | --- |
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૩ | ૧ | ૨ |
| વર્ગ–૨ | ૩૫ | ૨૧ | ૧૪ |
| વર્ગ–૩ | ૯૯૧ | ૮૦૨ | ૧૬૯ |
| વર્ગ–૪ | ૩૭૮ | ૧૭૧ | ૨૦૭ |
| **કુલ** | **૧૪૦૭** | **૯૯૫** | **૩૯૨** |

| જનરલ હોસ્પિટલ, જામ ખંભાળીયા, જિ. દેવભુમિ દ્વારકા મહેકમ સમરી | | | |
| --- | --- | --- | --- |
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૨૩ | ૧૦ | ૧૩ |
| વર્ગ–૨ | ૧૩ | ૬ | ૭ |
| વર્ગ––૩ | ૭૮ | ૬૭ | ૧૧ |
| વર્ગ–૪ | ૫૫ | ૫૫ | ૦ |
| **કુલ** | **૧૬૯** | **૧૩૮** | **૩૧** |

મુખ્ય પેજ

| પેટા જીલ્લાની હોસ્પિટલ, દ્વારકા મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૬ | ૨ | ૪ |
| વર્ગ–૨ | ૪ | ૧ | ૩ |
| વર્ગ––૩ | ૨૭ | ૧૨ | ૧૫ |
| વર્ગ–૪ | ૬ | ૬ | ૦ |
| **કુલ** | ૪૩ | ૨૧ | ૨૨ |

| માનસિક આરોગ્યની હોસ્પિટલ, જામનગર | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૨ | ૨ | ૦ |
| વર્ગ–૨ | ૪ | ૩ | ૧ |
| વર્ગ–૩ | ૪૬ | ૩૪ | ૧૨ |
| વર્ગ–૪ | ૧૧ | ૧૧ | ૦ |
| **કુલ** | ૬૩ | ૫૦ | ૧૩ |

| જામનગર જીલ્લા સામુહિક આરોગ્ય કેન્દ્રો, મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૩૬ | ૭ | ૨૯ |
| વર્ગ–૨ | ૨૭ | ૧૧ | ૬ |
| વર્ગ––૩ | ૧૩૨ | ૧૧૯ | ૧૩ |
| વર્ગ–૪ | ૯૧ | ૭૩ | ૧૮ |
| **કુલ** | **૨૮૬** | **૨૨૦** | **૬૬** |

મુખ્ય પેજ

| જામનગર જીલ્લા પ્રાથમિક  આરોગ્ય કેન્દ્રો, મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૦ | ૦ | ૦ |
| વર્ગ–૨ | ૩૪ | ૨૫ | ૯ |
| વર્ગ––૩ | ૧૦૪ | ૯૫ | ૯ |
| વર્ગ–૪ | ૧૩૬ | ૧૦૪ | ૩૨ |
| **કુલ** | **૨૭૪** | **૨૨૪** | **૫૦** |

| સામુહિક આરોગ્ય કેન્દ્ર–દેવભુમિ દ્વારકા જીલ્લાની મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૪ | ૦ | ૪ |
| વર્ગ–૨ | ૧૨ | ૭ | ૫ |
| વર્ગ–૩ | ૫૨ | ૪૮ | ૪ |
| વર્ગ–૪ | ૪૦ | ૩૧ | ૯ |
| **કુલ** | **૧૦૮** | **૮૬** | **૨૨** |

| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–દેવભુમિ દ્વારકા જીલ્લાની મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૨૩ | ૧૬ | ૭ |
| વર્ગ–૨ | ૬૯ | ૬૦ | ૧ |
| વર્ગ–૩ | ૯૨ | ૯૨ | ૦ |
| વર્ગ–૪ | ૧૮૪ | ૧૬૮ | ૮ |
| **કુલ** | **૨૩** | **૧૬** | **૭** |

મુખ્ય પેજ

## જામનગર જીલ્લામાં પી.આઇ.યુ. દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિગતો

| ક્રમ. નં. | કુલ મકાનોની વિગતો | આરોગ્ય કેન્દ્રના હાલની પરિસ્થિતી |
|---|---|---|
| ૧ | જી.જી હોસ્પિટલ (કુલ – ૧૫ બિલ્ડીંગ) | ૧ – પ્રગતિ હેઠળ<br>(સ્ત્રી અને બાળ વિભાગ, સુપર સ્પેશ્યાલિટી, તથા ઓ.પી.ડી. મળી કુલ ૧૧૫૦ પથારીના ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ સરકારશ્રીમાં મંજૂરી હેઠળ)<br>૮ – જર્જરિતની મંજૂરી હેઠળ<br>(માસ્ટર પ્લાનની અંતર્ગત ઉપરોક્ત હોસ્પિટલ બિલ્ડીંગના સ્થાને)<br>૩ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના પ્રા.અંદાજ મેડિકલ ઓથોરીટીને સાદર કરેલ<br>૪ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૨ | શ્રી એમ.પી. શાહ સરકારી મેડિકલ કોલેજ (કુલ – ૧૭ બિલ્ડીંગ) | ૨ – પ્રગતિ હેઠળ<br>૧ – ૭૦૦ પથારીની યુ.જી. ગર્લ્સ હોસ્ટેલ<br>૨ – ૮૦૦ પથારીની યુ.જી. બોયસ હોસ્ટેલ ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ મંજૂરી હેઠળ)<br>૧ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના અંદાજની પ્રગતિ હેઠળ<br>૪ – સારી પરિસ્થિતી હેઠળ<br>૧૨ – જર્જરિત (હોસ્ટેલ) |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩ | ફિજીયોથેરાપી કોલેજ (કુલ – ૦૨ બિલ્ડીંગ) | ૧ – નવું કોલેજ બિલ્ડીંગ બજેટમાં જોગવાઈ માટે અંદાજ મેડિકલ ઓથોરીટીને સાદર કરેલ.<br>૧ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૪ | નર્સિંગ કોલેજ (કુલ – ૦૨ બિલ્ડીંગ) | ૧ – જર્જરિત (હોસ્ટેલ)<br>૧ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૫ | મેન્ટલ હોસ્પિટલ (કુલ – ૦૩ બિલ્ડીંગ) | ૨ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના પ્રા. અંદાજ મેડિકલ ઓથોરીટીને સાદર કરેલ.<br>૧ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૬ | શ્રી એમ.પી. શાહ સરકારી મેડિકલ કોલેજ ના સ્ટાફ ક્વાટ્ર્સ (કુલ – ૭૦ બિલ્ડીંગ) | ૫૦ – જર્જરિત ( એ, બી, સી, ડી ટાઈપ સ્ટાફ કવાર્ટર )<br>૧૯ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના પ્રા. અંદાજ મેડિકલ ઓથોરીટીને સાદર કરેલ. |

| **ક્રમ.નં.** | **કુલ મકાનોની વિગતો** | **આરોગ્ય કેન્દ્રના હાલની પરિસ્થિતી** |
|---|---|---|
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર (કુલ – ૯) | ૩ – પ્રગતિ હેઠળ<br>૫ – રિપેરિંગ હેઠળ<br>૧ – સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૩૦ પથારી ધ્રોલનું ૫૦ નવીન પથારીનો વધારો કરી સબ જીલ્લા હોસ્પિટલમાં રૂપાંતરના અંદાજો પ્રગતિ હેઠળ |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (કુલ – ૩૦) | ૧ – વર્ક ઓર્ડર હેઠળ<br>૬ – રિપેરિંગ હેઠળ<br>૬ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના અંદાજની પ્રગતિ હેઠળ<br>૧૭ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૩ | પેટા આરોગ્ય કેન્દ્ર (કુલ – ૨૧૦) | ૭ – પ્રગતિ હેઠળ<br>૪ – વર્ક ઓર્ડર હેઠળ<br>૨૪ – જર્જરિત<br>૨૮ – રિપેરિંગ હેઠળ<br>૨૭ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના અંદાજની પ્રગતિ હેઠળ<br>૧૨૦ – સારી પરિસ્થિતી હેઠળ |

મુખ્ય પેજ

## દેવભુમિ દ્વારકા જીલ્લામાં પી.આઈ.યુ. દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિગતો

| ક્રમ.નં. | કુલ મકાનોની વિગતો | આરોગ્ય કેન્દ્રના હાલની પરિસ્થિતી |
|---|---|---|
| ૧ | જીલ્લા હોસ્પિટલ જામખંભાળીયા (કુલ – ૧) | સારી પરિસ્થિતી હેઠળ |
| ૨ | પેટા જીલ્લા હોસ્પિટલ દ્વારકા (કુલ – ૧) | સારી પરિસ્થિતી હેઠળ |
| ૩ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર (કુલ – ૪) | ૪ – રિપેરિંગ હેઠળ |
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (કુલ – ૨૩) | ૧ – પ્રગતિ હેઠળ<br>૧ – જર્જરિત<br>૧૫ – રિપેરિંગ હેઠળ<br>૬ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૫ | પેટા આરોગ્ય કેન્દ્ર (કુલ – ૧૬૯) | ૭ – પ્રગતિ હેઠળ<br>૨ – વર્ક ઓર્ડર હેઠળ<br>૨૦ – જર્જરિત<br>૨૮ – રિપેરિંગ હેઠળ<br>૨૨ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના અંદાજની પ્રગતિ હેઠળ<br>૯૦ – સારી પરિસ્થિતી હેઠળ |

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ :૧૬

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૩૭

તા.૧૬/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

માન.ધારાસભ્યશ્રી :

શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર(જામજોધપુર)

**પ્રશ્ન:–** જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેંદ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર કરવાના ધારાધોરણો શું છે? આ આરોગ્ય કેન્દ્રોમાં મહેકમનું માળખું જણાવશો? | શ્રી કેશાજી ચૌહાણ, દિયોદર |
| ૨ | જામનગર જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે. ? | શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર દક્ષિણ |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩ | દેવભૂમિ દ્વારકા જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે. ? | શ્રી ભગવાનજીભાઈ કરગટીયા, માંગરોળ |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧૬**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૩૭**
**આરોગ્ય વિભાગ**
**તા.૧૬/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી કેશાજી ચૌહાણ, દિયોદર)

- **પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર કરવાના ધારાધોરણો શું છે? આ આરોગ્ય કેન્દ્રોમાં મહેકમનું માળખું જણાવશો?**

**જવાબ–**

**ભારત સરકારશ્રીના ધારાધોરણો મુજબ :–**

| **અ.ન.** | **આરોગ્ય કેન્દ્રો** | **બિન આદિજાતિ વિસ્તાર** | **આદિજાતિ વિસ્તાર, પર્વતિય, દુર્ગમ, રણ વિસ્તાર** |
|---|---|---|---|
| ૧ | પેટા આરોગ્ય કેન્દ્ર | ૫,૦૦૦ | ૩,૦૦૦ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૩ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧,૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ |

**(અ)પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે મહેકમનું માળખું:–**

(૧) ફીમેલ હેલ્થ વર્કર (ગુજરાત સરકાર)
(૨) મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (ગુજરાત સરકાર)
(૩) કોમ્યુનીટી હેલ્થ ઓફિસર (સી.એચ.ઓ–એન.એચ.એમ હેઠળ મંજુર)

મુખ્ય પેજ

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહેકમનું માળખું. (૭+૨)

| ક્રમ | સંવર્ગ | જગ્યા |
|---|---|---|
| ૧ | તબીબી અધિકારી વર્ગ ૨ | ૧ |
| ૨ | લેબોરેટરી ટેકનીશીયન વર્ગ ૩ | ૧ |
| ૩ | ફાર્માસીસ્ટ વર્ગ ૩ | ૧ |
| ૪ | સીનીયર ક્લાર્ક વર્ગ ૩ | ૧ |
| ૫ | ડ્રાઇવર વર્ગ ૩ | ૧ |
| ૬ | વોર્ડ બોય વર્ગ ૪ | ૧ |
| ૭ | વોર્ડ આયા વર્ગ ૪ | ૧ |
| | કુલ | ૭ |
| ૮ | પાર્ટ સ્વીપર વર્ગ ૪ | ૨ |
| | **કુલ** | **૯** |

## સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહેકમનું માળખું(૨૩+૪)

| ક્રમ | સંવર્ગ | જગ્યા |
|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ ૧ | ૧ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ ૨ | ૩ |
| ૩ | એક્સ રે ટેકનીશીયન વર્ગ ૩ | ૧ |
| ૪ | લેબોરેટરી ટેકનીશીયન વર્ગ ૩ | ૧ |
| ૫ | જુનિયર ફાર્માસીસ્ટ વર્ગ ૩ | ૧ |
| ૬ | સ્ટાફ નર્સ વર્ગ ૩ | ૭ |
| ૭ | સીનીયર આસીસ્ટન્ટ વર્ગ ૩ | ૧ |
| ૮ | સીનીયર ક્લાર્ક વર્ગ ૩ | ૧ |
| ૯ | ડ્રાઇવર વર્ગ ૩ | ૧ |
| ૧૦ | પટાવાળા વર્ગ ૪ | ૧ |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૧૧ | વોર્ડ બોય વર્ગ ૪ | ૨ |
| ૧૨ | આયા વર્ગ ૪ | ૧ |
| ૧૩ | ડ્રેસર વર્ગ ૪ | ૧ |
| ૧૪ | સ્વીપર વર્ગ ૪ | ૧ |
| | **કુલ** | **૨૩** |
| ૧૫ | પાર્ટ સ્વીપર વર્ગ ૪ | ૨ |
| ૧૬ | પાર્ટ વોચમેન વર્ગ ૪ | ૨ |
| | **કુલ** | **૨૭** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર દક્ષિણ)

➢ **જામનગર જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે?સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે. ?**

**જવાબ–**

- જામનગર જીલ્લા ખાતે બધી જ સુપર સ્પેશ્યાલીટી સગવડો ધરાવતી સરકારી જી.જી હોસ્પિટલ કાર્યરત છે. જેમાં નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જીલ્લા હોસ્પિટલ ની સંખ્યા** | **પેટા જીલ્લા હોસ્પિટલ ની સંખ્યા** | **સા.આ કેન્દ્ર** | **પ્રા.આ કેન્દ્ર** |
|---|---|---|---|---|---|
| ૧ | ધ્રોલ | – | - | ૧ | ૩ |
| ૨ | જામજોધપુર | | – | ૧ | ૭ |
| ૩ | જામનગર | ૧ | – | ૩ | ૯ |
| ૪ | જોડીયા | – | – | ૧ | ૩ |
| ૫ | કાલાવાડ | – | – | ૧ | ૭ |
| ૬ | લાલપુર | – | – | ૨ | ૫ |
| | **કુલ** | **૧** | **૦** | **૯** | **૩૪** |

**નોંધ :– ધ્રોળ સી.એચ.સી.ને પેટા જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની અનુમતિ મળેલ છે અને જામ જોધપુર માટે વિચારણા હેઠળ છે.**

મુખ્ય પેજ

**જામનગર જીલ્લા ખાતે ભારત સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ જોઈએ તોઃ**

| **સા.આ.કેન્દ્ર** | | | **પ્રા .આ.કેન્દ્ર** | | |
|---|---|---|---|---|---|
| **માપદંડ મુજબ** | **હયાત** | **વધ** | **માપદંડ મુજબ** | **હયાત** | **વધ** |
| ૯ | ૯ | ૦ | ૩૩ | ૩૪ | ૧ |

**નોંધઃ– જામનગર જિલ્લા ખાતે ગ્રામ્ય વિસ્તારમાં વસતી ૬,૬૦,૦૧૩ (વર્ષ ૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ છે જામનગર જીલ્લો બિન આદિજાતી વિસ્તાર છે પરંતુ ભારત સરકારશ્રીના ડીફીકલ્ટ વસતીના ધોરણો મુજબ ગણતરી કરેલ છે.**

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૩ (શ્રી ભગવાનજીભાઇ કરગટીયા, માંગરોળ)

➢ **દેવભૂમિ દ્વારકા જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે. ?**

**જવાબ–**

➢ દેવભૂમિ દ્વારકા જીલ્લાના જીલ્લા મથક ખાતે જનરલ હોસ્પિટલ, જામખંભાળિયા તથા પેટા જીલ્લાની સરકારી હોસ્પિટલ, દ્વારકા ખાતે કાર્યરત છે.

➢ આ ઉપરાંત ૪ CHC (સામુહિક આરોગ્ય કેન્દ્ર) તેમજ ૨૩ PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ઉપલબ્ધ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જીલ્લા હોસ્પિટલની સંખ્યા** | **પેટા જીલ્લા હોસ્પિટલની સંખ્યા** | **સામુહિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | ભાણવડ | – | – | ૧ | ૫ |
| ૨ | કલ્યાણપુર | – | – | ૨ | ૯ |
| ૩ | ખંભાળીયા | ૧ (જ.હો.ખંભાળીયા) | – | ૧ | ૬ |
| ૪ | ઓખામંડળ | ૧ | ૧ (સ.હો.દ્વારકા) | – | ૩ |
| | **કુલ** | **૧** | **૧** | **૪** | **૨૩** |

મુખ્ય પેજ

➢ **દ્વારકા જીલ્લા ખાતે ભારત સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ જોઇએ તોઃ**

| | સા.આ.કે. | | | | પ્રા .આ.કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|---|---|
| માપદંડ મુજબ | હયાત સા.આ.કે. | ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ | સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ | કુલ | માપદંડ મુજબ | હયાત | વધ /ઘટ |
| ૬ | ૪ | ૧ | ૧ | ૬ | ૨૬ | ૨૩ | ૩ ઘટ |

**નોંધઃ– દ્વારકા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની વસતી ૫,૦૬,૪૩૨ (વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ) છે દ્વારકા જીલ્લો બિન આદિજાતી વિસ્તાર છે પરંતુ ભારત સરકારશ્રીના ડીફીકલ્ટ એરિયા ધોરણે ધ્યાને લઇ આદિજાતિ વિસ્તારની વસતીના ધોરણો મુજબ ગણતરી કરેલ છે.**

મુખ્ય પેજ

## પ્રશ્ન : ૨૦

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૭૧

## તા.૧૬/૦૨/૨૦૨૪

## કાયદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી,**
**માણાવદર**

**પ્રશ્ન : મગફળીના ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે ઇન્કવાયરી કમિશન.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**મગફળીના ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે ઈન્કવાયરી કમિશન**

***15/4/1871 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટેકાના ભાવે ખરીદેલ મગફળી સંગ્રહ કરેલ ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે તપાસ કરવા માટે કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ હેઠળ કાયદા વિભાગે તા.૦૯.૦૯.૨૦૨૧ના નોટીફીકેશનથી ઈન્કવાયરી કમિશનની રચના કરેલ તે હકીકત સાચી છે? | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ઈન્કવાયરી કમિશનને ક્યા ક્યા ગોડાઉન સંબંધિત તપાસ સોંપવામાં આવેલ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કમિશને કેટલા સમયમાં તપાસ અહેવાલ આપવનો હતો? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કમિશનની મુદ્દતમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) ઉક્ત સ્થિતિએ અહેવાલ ક્યારે મળેલ છે અને તેની મુખ્ય વિગતો શું છે? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- પ્રસ્તુત પ્રકરણમાં કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે નાફેડ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં રાજ્યમાં ભારત સરકારની ટેકાના ભાવની યોજના અંર્તગત ખરીફ ૨૦૧૬ માં ઉત્પાદન મગફળીની ખરીદી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે કરવામાં આવેલ હતી.

- ગોડાઉનો ખાતે સંગ્રહ કરેલ આ મગફળીમાં ચાર ગોડાઉનોમાં માં આગ લાગવાના બનાવ બનેલ હતા જેમાં : (૧) કચ્છ જિલ્લાના ગાંધીધામ તાકલુકાના કીડાણા ગામે સંઘવી ઈન્ડસ્ટ્રીઝ ગોડાઉન (૨) રાજકોટ જિલ્લાના ગોડલ ખાતેના રામરાજય કોટેક્ષ પ્રા.લી.નું ગોડાઉન (૩) સેંટ્રલ વેરહાઉસ કોર્પોરેશનના હાપા જામનગર ખાતેનું ગોડાઉન અને (૪) શાપર-વેરાવળ ખાતેના નેશનલ કોટન ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉન ખાતે આગના બનાવો બનેલ હતા. જેની તપાસ ચાલી રહેલ છે પરંતુ ચોકકસ કારણો અને આ અંગેની જવાબદારી નકકી થઈ શકેલ નથી જેથી આ અંગેના કારણો અને જવાબદારી નકકી કરવા કમીશન ઓફ ઈંક્વાયરી એક્ટ ૧૯૫૨ અંર્તગત "નાફેડ દ્વારા ખરીદાયેલ મગફળીના ગોડાઉનોમાં આગ લાગવાના કારણો અને આ આંગેની જવાદારી નક્કી કરવા અંગેના સ્કોપ/ટર્મસ ઓફ રેફરન્સ રાખી નામ.હાઈકોર્ટના નિવૃત જજ માન.શ્રી એસ.કે.રાઠોડ

ની નિમણૂક કરવાની માન.મુખ્યમંત્રીશ્રી કક્ષાએ મંજુરી મેળવી અત્રે દરખાસ્ત કરેલ હતી. જેના અનુસંધાને અત્રેના તા.૨૧.૦૮.૨૦૧૮ન નોટીફીકેશનથી સદર તપાસ પંચની નિમણૂક કરવામાં આવેલ હતી. જે તપાસપંચની પ્રથમ બેઠક તા.૦૧.૦૨.૨૦૨૧નાં રોજ મળેલ હતી.

- ત્યારબાદ કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની દરખાસ્ત અન્વયે ગોડાઉન ખાતે સંગ્રહ કરેલ મગફળીમાં ચાર ગોડાઉનોમાં આગ લાગવાના બનાવની તપાસ અંગે તપાસપંચનાં અધ્યક્ષશ્રી એચ.કે.રાઠોડનું તા.૨૬.૦૪.૨૦૨૧નાં રોજ અવસાન થતા તા.૦૯.૦૯.૨૦૨૧ના આ વિભાગના નોટીફીકેશનથી તપાસપંચના નવા અધ્યક્ષ તરીકે શ્રી એમ.ડી.શાહની નિમણુંક કરવામાં આવેલ છે. આમ, ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટીસ શ્રી એમ.ડી.શાહની નિમણુંક કરવા સબબ જરૂરી નોટીફીકેશન તા.૦૯.૦૯.૨૦૨૧ના રોજ બહાર પાડવામાં આવેલ છે. વધુમાં તપાસપંચના સચિવશ્રી તરીકે કૃષિ, ખેડૂત અને કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા વી.એસ.દવે(નિવૃત્ત જિલ્લા ન્યાયધીશ)ની નિમણૂંક કરવામાં આવેલ હતી.

- તપાસપંચની પ્રથમ બેઠક તા.૨૧.૦૮.૨૦૧૮ ના નોટિફીકેશનથી નિમાયેલ તપાસપંચ પહેલી બેઠક

તા.૦૧.૦૨.૨૦૨૧ના રોજ મળેલ હતી. આમ, તપાસપંચની પહેલી બેઠકથી (છ) માસની ગણતરી કરતા તા.૦૧.૦૮.૨૦૨૧ ના રોજ તપાસપંચની સમયમર્યાદા પૂર્ણ થયેલ ગણાય. જે સંદર્ભે વહીવટી વિભાગની દરખાસ્ત અન્વયે તપાસપંચના સમયગાળાને તા.૦૧.૦૮.૨૦૨૧ની અસરથી (ટર્મસ ઓફ રેફરન્સ) વધુ ૦૬(છ) માસ માટે લંબાવવામાં આવેલ.

- જેના અનુસંધાને અત્રેથી તપાસપંચની મુદ્દત તા.૨૬.૦૯.૨૦૨૧ ના જાહેરનામાથી તા.૦૧.૦૮.૨૦૨૧ થી તા.૨૮.૦૨.૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ.
- ત્યારબાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની દરખાસ્ત અન્વયે તપાસપંચની મુદ્દત તા.૦૩.૦૩.૨૦૨૨ના નોટીફિકેશનથી તા.૦૧.૦૩.૨૦૨૨ થી તા.૩૧.૦૮.૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ.
- ત્યારબાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની દરખાસ્ત અન્વયે તપાસપંચની મુદ્દત તા.૨૩.૦૮.૨૦૨૨ના નોટીફિકેશનથી તા.૦૧.૦૯.૨૦૨૨ થી તા.૨૮.૦૨.૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ.
- ત્યારબાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની દરખાસ્ત અન્વયે તપાસપંચની મુદ્દત તા.૧૭.૦૨.૨૦૨૩ના નોટીફિકેશનથી તા.૦૧.૦૩.૨૦૨૩ થી તા.૩૧.૦૮.૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ.

મુખ્ય પેજ

- ત્યારબાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની દરખાસ્ત અન્વયે તપાસપંચની મુદ્દત તા.૨૧.૦૮.૨૦૨૩ના નોટીફિકેશનથી તા.૦૧.૦૯.૨૦૨૩ થી તા.૨૯.૦૨.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ.
- આમ, ઉક્ત સમયગાળા માટે તપાસપંચની મુદ્દત વધારેલ જેની તપાસ હાલ ચાલુ હોઇ તપાસ અહેવાલ અત્રે મળેલ નથી.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૨૦

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૭૧

## તા.૧૬/૦૨/૨૦૨૪

કાયદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી, માણાવદર**

**પ્રશ્ન : મગફળીના ગોડાઉનમાં લાગેલ આગ સંબંધે ઈન્કવાયરી કમિશન.**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | આવા અકસ્માતોની ઘટના નિવારવા માટે શું આયોજન કરવામાં આવેલ છે? | શ્રી સંજયભાઈ કોરડીયા, જૂનાગઢ |
| ૨ | મગફળીની ખરીદી અને સંગ્રહ (સ્ટૉરેજ) ની પદ્ધતિ વધુ અસરકારક બનાવવા માટે શું કરવામાં આવે છે? | શ્રી દેવાભાઈ માલમ, કેશોદ |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :– ૨૦**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૧૮૭૧**

**કાયદા વિભાગ**

**તા.૧૬/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી સંજયભાઈ કોરડીયા, જૂનાગઢ)

- આવા અકસ્માતોની ઘટના નિવારવા માટે શું આયોજન કરવામાં આવેલ છે?

**જવાબ:**

- **આવી ઘટનાઓ નિવારવા માટે...**
- રાજયમાં ખરીફ અને રવિ ઋતુમાં વિવિધ જણસીઓની ખરીદી પહેલા ટેકાના ભાવે ખરીદીના આયોજન બાબતે ઉચ્ચ કક્ષાએ બેઠક યોજી ખરીદી અંગેના તમામ મુદ્દાઓની લગત રાજ્ય નોડલ એજન્સી તેમજ ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનને સૂચનાઓ આપવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએ જણસીઓની ખરીદી માટે માર્ગદર્શિકા (SOP) લગત રાજ્ય નોડલ એજન્સી તેમજ ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશન તથા જિલ્લા વહીવટી તંત્રને મોકલવામાં આવે છે.
- ખરીદીની માર્ગદર્શિકા મુજબ જિલ્લા લેવલે કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રિક્ટ લેવલ મોનિટરિંગ કમિટીમાં આયોજન તેમજ કામગીરી અંગેનો રિવ્યુ કરવામાં આવે છે.

મુખ્ય પેજ

- ગોડાઉન રાખતા પહેલા ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનએ જણસીના વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ માટે ગોડાઉન અંગેના તમામ પેરામીટર્સ ચેક કરી લેવા યોગ્ય ગોડાઉનોની પસંદગી થાય તે ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનએ નાફેડ (કેન્દ્રીય નોડલ એજન્સી) સાથે પરામર્શ કરી સુનિશ્ચિત કરવા સારું ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનને ઘટતી વ્યવસ્થા કરવા અગાઉ થી જાણ કરવામાં આવે છે
- ગોડાઉન ઉપર વિવિધ પેરામીટર્સ જેવા કે, પૂરતી હવા ઉજાશની સગવડ, મજબૂત ફ્લોરિંગ, ગ્રાઉંડ લેવલથી ઓછામાં ઓછી ૨ (બે) ફૂટ ઉંચું, મજબૂત શટર, વરસાદના પાણીથી બચાવ, ગોડાઉન સુધી પહોંચવાં માટે ટ્રકોની અવર જવર માટે રસ્તાની સગવડ. અગ્નિશામક યંત્રની સગવડ, સીસીટીવી કેમેરા, લોક અને કી, ચોકીદાર ની સગવડ વિગેરે સુનિશ્ચિત કરવા તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રી દેવાભાઈ માલમ, કેશોદ)

- મગફળીની ખરીદી અને સંગ્રહ (સ્ટોરેજ)ની પદ્ધતિ વધુ અસરકારક બનાવવા માટે શું કરવામાં આવે છે?

**જવાબ:**

- મગફળીની ખરીદી સારું રાજ્ય કક્ષાએથી ટેકાના ભાવે ખરીદી માટે ખેડુતોની નોંધણી, ખરીદીની પ્રક્રિયા તથા સંગ્રહ સુધીના તમામ પાસાઓને આવરી લઈ ઉચ્ચ કક્ષાએ બેઠક યોજી આયોજન તથા મોનિટરિંગ અંગેની કામગીરી કરવામાં આવે છે. મગફળીના બજાર ભાવ ટેકાના ભાવ કરતાં નીચા જાય ત્યારે તુરંત ખરીદીની પ્રક્રિયા હાથ ધરી શકાય તે માટે ભારત સરકારશ્રી કક્ષાએથી વિસ્તાર અને અંદાજિત ઉત્પાદનના આધારે ખરીદીના જથ્થાની કેંદ્ર સરકાર પાસેથી આગોતરી મંજૂરી મેળવી રાજ્ય નોડલ એજન્સી મારફત ખરીદીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

- વધુમાં ખરીદી અને સંગ્રહ પદ્ધતિ વધુ અસરકારક બનાવવા માટેની કાર્યવાહી જોઇએ તો...

1. ખરીદી શરૂ થયા પહેલા ગ્રામ્ય કક્ષાએથી ખેડૂતોની આગોતરી નોંધણી કરવામાં આવે છે અને નોંધાયેલા ખેડૂતોને ક્રમાનુસાર SMS મોકલી જણસીના વેચાણ માટે બોલાવવામાં આવે છે.

મુખ્ય પેજ

2. ખરીદી સૂચારું રૂપે થાય તે માટે ખરીદી શરૂ થાય તે પહેલા રાજ્ય કક્ષાએ જણસીઓની ખરીદી માટે માર્ગદર્શિકા (SOP) લગત રાજ્ય નોડલ એજન્સી તેમજ ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશન તથા જિલ્લા વહીવટી તંત્રને મોકલવામાં આવે છે.
3. ખરીદીની માર્ગદર્શિકા મુજબ જિલ્લા લેવલે કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રિક્ટ લેવલ મોનિટરિંગ કમિટીમાં આયોજન તેમજ કામગીરી અંગેનો રિવ્યુ કરવામાં આવે છે.
4. ખરીદ કેન્દ્ર ખાતેથી ગોડાઉન ખાતે આવેલ જથ્થાની કેન્દ્રીય નોડલ એજન્સીના તાંત્રિક સ્ટાફ તથા ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનના તાંત્રિક સ્ટાફે એફ.એ.ક્યુ. મુજબ મગફળીના જથ્થાની ચકાસણી કરવામાં આવે છે.
5. ગોડાઉન ભરાઈ જાય ત્યારે સીલ કરવાની તથા વખતોવખત સંગ્રહિત માલની વૈજ્ઞાનીક ઢબે જાળવણી, ચકાસણી કરી જરૂરી સાફ સફાઇ, ફ્યુમીગેશન વિગેરેની જવાબદારી ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશન મારફત કરવામાં આવે છે.

ગોડાઉન ખાતે સંગ્રહ માટે આવેલ માલની ગુણવત્તા બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનના જવાબદાર અધિકારી/ કર્મચારીએ રાજ્ય નોડલ એજન્સી ને તુરંત જાણ કરવામાં આવે છે તેમજ સંગ્રહિત જથ્થાની ડીલીવરી સમયે ગુણવત્તા બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો કેન્દ્રીય નોડલ એજન્સી, રાજ્ય નોડલ એજન્સી તથા ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનની સંયુક્ત કમિટીએ વિગતો ચકાસીને તુરંત નિર્ણય લેવામાં આવે છે

મુખ્ય પેજ

# પ્રશ્ન –૨૭

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૧૮૪૪**

**તા. ૧૬/૦૨/૨૦૨૪**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :**

**શ્રી દિનેશભાઇ અતાજી ઠાકોર (ચાણસ્મા)**

**પ્રશ્ન :– પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ– ગાંધીનગરના કામોમાં ગેરરીતિ**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ– ગાંધીનગરના કામોમાં ગેરરીતિ**

*15/4/1844 **શ્રી દિનેશભાઇ અતાજી ઠાકોર** (ચાણસ્મા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૩–૦૩–૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૩૧૨૧૭ (અગ્રતા–૭૩)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ કામોમાં નાણાકીય ગેરરીતિની મળેલ ફરીયાદોના અનુસંધાને તપાસની પ્રક્રિયા પ્રગતિ હેઠળ હતી તે તપાસ તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે,</td><td>(૧)</td><td>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ કામોમાં નાણાકીય ગેરરીતિની વર્ષ ૨૦૧૯–૨૦ માં ૩૧ ફરિયાદ તથા વર્ષ ૨૦૨૦–૨૧ ની ૧૩ ફરિયાદ મળી કુલ ૪૪ ફરિયાદોની તપાસ પ્રક્રિયા તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતીએ નીચેના તબક્કે છે.
<table>
<tr><th>તપાસ પ્રગતિ હેઠળ</th><th>પૂર્ણ કરેલ તપાસ અન્વયે નિર્ણય</th><th></th><th>તપાસ પૂર્ણ કરી સક્ષમ કક્ષાએ નિર્ણય</th><th>કૂલ કેસની સંખ્યા</th></tr>
<tr><td>૩૬</td><td>૬</td><td></td><td>૨</td><td>૪૪</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત તપાસ કોને સોંપવામાં આવેલ,</td><td>(૨)</td><td>આ તપાસ કાર્યપાલક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન તથા સંબંધિત ઝોનના અધિક્ષક ઇજનેરશ્રીઓને સોંપવામાં આવેલ છે.</td></tr>
<tr><td>(૩)</td><td>ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ફરિયાદો સામે તપાસ પૂર્ણ થઇ અને કેટલી ફરિયાદો સામે તપાસ ચાલુ છે, અને</td><td>(૩)</td><td>ઉક્ત સ્થિતએ ૬ કેસોની તપાસ પૂર્ણ થયેલ છે. ૨ કેસોની તપાસ સક્ષમ કક્ષાએ નિર્ણય અર્થે રજૂ થયેલ છે. બાકી ૩૬ કેસોની તપાસ પ્રગતિ હેઠળ છે.</td></tr>
<tr><td>(૪)</td><td>પૂર્ણ થયેલ હોય તેવી કેટલી તપાસમાં કેટલી નાણાકીય ગેરરીતિ થયાનું સામે આવ્યું?</td><td>(૪)</td><td>પૂર્ણ થયેલ તપાસના ૬ કેસોમાં કોઇ નાણાકીય ગેરરીતિ જણાયેલ નથી.</td></tr>
</table>

મુખ્ય પેજ

# પુરક નોંધ

- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા રાજ્યમાં આરોગ્ય વિષયક સેવાઓના મકાનોના બાંધકામની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. નવા મકાનની બાંધકામની કામગીરી માટે વર્ષ ૨૦૧૯–૨૦ ની ૩૧ ફરિયાદ તથા ૨૦૨૦–૨૧ ની ૧૩ ફરિયાદ મળી કુલ ૪૪ ફરિયાદોની તપાસ પ્રક્રિયા સંદર્ભે તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતીએ ૬ કેસોની તપાસ પૂર્ણ થયેલ છે. ૨ કેસની તપાસ સક્ષમ કક્ષાએ નિર્ણય હેઠળ છે. બાકી ૩૬ કેસોની તપાસ પ્રગતિ હેઠળ છે
- તપાસ પ્રગતિ હેઠળના ૩૬ કેસો પૈકી આ તપાસ કાર્યપાલક ઈજનેરશ્રી, ગુણવત્તા નિયમન તથા સંબંધિત ઝોનના અધિક્ષક ઈજનેરશ્રીઓને સોંપવામાં આવેલ છે.
- પૂર્ણ થયેલ તપાસના ૬ કેસમાં નાણાંકીય ગેરરીતી જણાયેલ નથી.

મુખ્ય પેજ

પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ :૨૭

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૪૪

તા.૧૬/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

માન.ધારાસભ્યશ્રી :

શ્રી દિનેશભાઇ અતાજી ઠાકોર (ચાણસ્મા)

**પ્રશ્ન:-** પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ- ગાંધીનગરના કામોમાં ગેરરીતિ

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ- ગાંધીનગરના કામોમાં નાણાકીય ગેરરીતિના કુલ તપાસના કેસો કેટલા છે ? સદર તપાસના કેસો કયા પ્રકારના હોય છે ? | શ્રી જયંતિભાઇ પટેલ, માણસા |
| ૨ | આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર હેઠળના પી.આઈ.યુ. (હેલ્થ) દ્વારા નાંણાકિય ગેરરીતિની ફરીયાદોની તપાસ કઈ રીતે કરવામાં આવે છે ? | શ્રી હાર્દિકભાઇ પટેલ, વિરમગામ |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩ | કુલ તપાસ પૈકી કેટલી તપાસ પૂર્ણ થયેલ છે ? ગુણવત્તા નિયમન તથા અધિક્ષક ઈજનેરશ્રીઓને કેટલી તપાસ સોંપવામાં આવી છે ? કુલ પૂર્ણ તપાસમાં કેટલી નાંણાકિય ગેરરીતિ થયેલ છે ? | ડૉ. પાયલબેન કુકરાની, નરોડા |

**અગ્રતાક્રમ–૨૭**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/ ૧૮૪૪**

**આરોગ્ય વિભાગ**

**તા.૧૬/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી જયંતિભાઇ પટેલ, માણસા)

- **પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ– ગાંધીનગરના કામોમાં નાણાકીય ગેરરીતિના કુલ તપાસના કેસો કેટલા છે ? સદર તપાસના કેસો કયા પ્રકારના હોય છે ?**

**જવાબ–**

- પ્રોજેકટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૯–૨૦ અને વર્ષ ૨૦૨૦–૨૧માં નાણાકીય ગેરરીતિના કુલ તપાસના કેસોની સંખ્યા– ૪૪ છે.
- સદર તપાસના કેસોમાં મુખ્યત્વે બાંધકામની કામગીરીને લગતા કેસો હોય છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રી હાર્દિકભાઇ પટેલ, વિરમગામ)

- **આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર હેઠળના પી.આઈ.યુ. (હેલ્થ) દ્વારા નાંણાકિય ગેરરીતિની ફરીયાદોની તપાસ કઈ રીતે કરવામાં આવે છે ?**

**જવાબ–**

- આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર હેઠળના પી.આઈ.યુ. (હેલ્થ) દ્વારા બાંધકામની કામગીરીમાં નાંણાકીય ગેરરીતિ ની તપાસ સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી (ગુણવત્તા નિયમન) વિભાગ દ્વારા તથા અધિક્ષક ઈજનેરશ્રીઓને તપાસ સોંપવામાં આવે છે. તપાસ અન્વયે સ્થળ તપાસ કરવામાં આવે છે. તપાસમાં ગેરરીતિ માલુમ પડે તો જવાબદારો સામે નિયમોનુસાર જરૂરી પગલા ભરવામાં આવે છે.

પેટા પ્રશ્ન ૩ (ડૉ. પાયલબેન કુકરાની, નરોડા)

- **કુલ તપાસ પૈકી કેટલી તપાસ પૂર્ણ થયેલ છે ? ગુણવત્તા નિયમન તથા અધિક્ષક ઈજનેરશ્રીઓને કેટલી તપાસ સોંપવામાં આવી છે ? કુલ પૂર્ણ તપાસમાં કેટલી નાંણાકિય ગેરરીતિ થયેલ છે ?**

**જવાબ–**

- કુલ તપાસ પૈકી ૬ કેસોની તપાસ પૂર્ણ કરી સક્ષમ કક્ષાએ નિર્ણય હેઠળ છે.
- કુલ તપાસ પૈકી સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી (ગુણવત્તા નિયમન) ને ૧૨ કેસો તથા અધિક્ષક ઈજનેરશ્રીઓને ૨૧ કેસો અને કા. ઈ.શ્રી ને ૨ કેસો તથા વ. અ. શ્રી ને ૧ કેસોની તપાસ સોંપવામાં આવેલ છે.

કુલ પૂર્ણ થયેલ છ (૬) તપાસના કેસોમાં નાંણાકિય ગેરરીતિ જણાયેલ નથી.

મુખ્ય પેજ